

ખંડ-૪
અંક-૧૦
ઓક્ટોબર ૨૦૧૮

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા

પ્રચાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

### કેન્દ્ર સરકાર સ્ટબલ ફાયર માટે રૂ.૫૭૫ કરોડની ફાળવણી કરશે..............



શિયાળા દરમિયાન દિલ્હીના પર્યાવરણને સ્વચ્છ અને પ્રદૂષણ મુક્ત રાખવા માટે પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશ રાજ્યોના ખેડૂતોને ૫૫,૬૨૨ સ્ટબલ ફાયર મશીનો ખરીદવા માટે કેન્દ્ર સરકાર રૂ. ૫૭૫.૧૮ કરોડ આપશે. આ પગલું વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે લાંબા સમય સુધી ચાલવાની અપેક્ષા છે કારણ કે ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં પાક કાપણીની સિઝન દરમિયાન સ્ટબલ બર્નિંગ એ આ ક્ષેત્રની મુખ્ય સમસ્યાઓમાંની એક સમસ્યા છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયમાં એ કાળજી લેવામાં આવી છે કે તે રાજ્યોને ખેતમશીનો ખરીદવા માટે ભંડોળ પૂરું પાડશે કે જેમાં તેઓ હેપ્પી સીડર, પેડી સ્ટ્રો ચોપર/કટર, મલ્ચર, આરએમબી પ્લાઉ, શ્રુબ કટર, ઝીરો ટીલ ડ્રિલ, કંબાઇન્ડ હાર્વેસ્ટરમાં સુપર સ્ટ્રો મેનેજમેન્ટ સિસ્ટમ, રોટરી સ્લેશેર અને રોટાવેટર જેવા ઓજારો ખરીદી શકશે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજીત આ યોજના દ્વારા, સરકાર વ્યક્તિગત ખેડૂતો, સહકારી મંડળીઓ, ખેત ઉત્પાદક સંસ્થાઓ (FPOs), સ્વ-સહાય જૂથો (SHG), ખાનગી સાહસિકો અને મહિલા ખેડૂતોના નોંધાયેલ જૂથોને સહાય કરશે. કૃષિ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતુ કે, ૨૨ જિલ્લાઓમાં ૩૬.૯૦ લાખ હેક્ટરમાં સળગાવી રહેલ સ્થાયી પાક માટે ૩૭,૫૦૦ ખેત મશીનો ખરીદવા માટે રૂ. ૨૬૯ કરોડ પંજાબ સરકારને આપવામાં આવશે. આ ઉપરાંત, પંજાબ સરકારે ચાલુ નાણાંકીય વર્ષમાં પોતાના સ્ત્રોતમાંથી ડાંગરના અવશેષોના વ્યવસ્થાપન માટે ખેડૂતોને

૨૮,૬૪૧ ખેત મશીનોની ખરીદી કરવા માટે રૂ.૩૯૫ કરોડની સબસિડી આપવાનું પણ નક્કી કર્યું છે. આ યોજના હેઠળ ખેડૂતોને ૫૦ થી ૮૦ ટકા સુધીની સહાય આપવામાં આવશે. અમરિંદર સરકાર દ્વારા ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે જાહેર કરવામાં આવેલ રૂ.૬૬૫ કરોડની સબસિડી પણ આ યોજનાનો ભાગ બનશે.

## ઇફકો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં ઝંપલાવશે.............

ખાતર ક્ષેત્રની અગ્રગણ્ય કંપની ઇફકોએ સ્પેનની કોંગલેડોસ દે નવર્રા સાથે પંજાબમાં રૂ.૩૫૦ કરોડના રોકાણ સાથે ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપવા માટેના સંયુક્ત સાહસની જાહેરાત કરી હતી. આ સંયુક્ત સાહસની સાથે, સહકારી ખાતર ક્ષેત્રની મુખ્ય કંપની ઇફકો ફૂડ પ્રોસેસિંગ સેકટરમાં પ્રવેશી રહી છે. કોંગલેડોસ દે નવર્રા એ ૨૨૦ મિલિયન ડોલરનું રોકાણ ધરાવતી કંપની છે જેણે વ્યકિતગત રીતે ઝડપી ફ્રોઝન (IQF) ટેકનોલોજીમાં પહેલ કરી છે. તે શાકભાજી, ફળો, ઔષધો અને તૈયાર વાનગીઓની પ્રક્રિયામાં સામેલ  છે. ખાતર ક્ષેત્રની મુખ્ય કંપની ઇફકોના મેનેજિંગ ડીરેક્ટર યુ.એસ.અવસ્થીએ જણાવ્યુ હતું કે, અમે લુધિયાણામાં કોંગલેડોસ દે નવર્રા કંપની સાથે સંયુકત સાહસમાં એક પ્લાન્ટ સ્થાપવા માટે કરાર કર્યા છે અને તેની માટે ૪૦ એકર જમીન પણ ફાળવી દીધી છે. આ સંયુક્ત સાહસમાં ઇફકોનો ૩૦ ટકા હિસ્સો હશે, જ્યારે બાકીનો ૭૦ ટકા હિસ્સો સ્પેનિશ કંપનીની ભાગીદારીનો હશે. સંયુક્ત સાહસની કંપની ગ્રીનફીલ્ડ ફૂડ પ્રોસેસિંગ એકમની સ્થાપના કરવા માટે ૪૦ મિલિયન યુરો ડોલર (રૂ.૩૫૦ કરોડ) નું રોકાણ કરવામાં આવશે. આ કંપનીનો પાયો ડિસેમ્બર મહિનામાં નાંખવામાં આવશે અને ૧૮ મહિનામાં તેનું કામ પૂર્ણ કરવામાં આવશે તેમ શ્રી અવસ્થીએ જણાવ્યું હતું. આ સૂચિત પ્લાન્ટ ખેડૂતો પાસેથી બટાકા, વટાણા અને ફ્લાવર ખરીદીને તેના ઘરેલું અને નિકાસ બજારમાં વેચાણ કરવા માટે તેની પ્રકિયા કરશે. ઇફકોના મેનેજિંગ ડીરેક્ટરે જણાવ્યું હતું કે ખેડૂતોના ફાયદા માટે સહકારી ક્ષેત્રએ ફૂડ પ્રોસેસિંગ સેકટરમાં પ્રવેશ કરવો એ એક તાર્કિક પગલું છે. આ પગલું ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના ધ્યેયને પહોંચી વળવામાં મદદરુપ થશે. ઇફકો એ જણાવ્યુ હતુ કે આ નવી સુવિધાથી પંજાબમાં ૪૦૦ પ્રત્યક્ષ અને ૫૦૦૦ પરોક્ષ સ્થાનિક રોજગારીની તકો ઉભી થશે.

## ખેડૂતોની આવક વધારવામાં મનરેગા ફાળો આપશે..........



આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અને ખેડૂત યુનિયનોના દબાણ હેઠળ, કેન્દ્ર સરકાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) ને કૃષિ સાથે જોડવાની દરખાસ્ત પર વિચારણા કરી રહી છે. ખેડૂતોની આવક વધારવા ઉપરાંત આ પગલું દેશભરમાં ખેતીક્ષેત્રમાં મજૂરોની અછતને પૂરી કરવામાં મદદરૂપ થશે અને ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરશે. એક અધિકારીએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ આ દરખાસ્તની સંભવિતતાને ચકાસવા માટે મધ્ય પ્રદેશ, આંધ્રપ્રદેશ, બિહાર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ એમ સાત રાજ્યોના મુખ્યમત્રીઓની બનેલી એક સમિતિની રચના કરી છે. પ્રધાનમંત્રીએ કૃષિક્ષેત્રમાં ઓછા કોર્પોરેટ મૂડી રોકાણ અંગે ચિંતા વ્યકત કરી હતી અને રાજ્યો વેરહાઉસિંગ, પરિવહન, મૂલ્ય વૃદ્ધિ અને ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં કોર્પોરેટ રોકાણને પ્રોત્સાહન આપે તેવી નીતિઓ બનાવે તે અંગે ઇચ્છા વ્યકત કરી હતી. ડાંગર સહિત ૧૪ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યા બાદ, મોદી સરકાર આશા રાખે છે કે કૃષિ ક્ષેત્ર સાથે મનરેગાને જોડવાથી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ વચન મુજબ તે ખેડૂતોની આવકમાં વધારો કરવામાં મદદ કરશે.

## ભારતમાં ઓછા વરસાદને કારણે ખરીફ ઋતુમાં મગફળીનું ઉત્પાદન ૨૯% જેટલું ઘટી શકે છે....



ખાદ્યતેલમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ભારતના લક્ષ્યાંકમાં એક મોટા અવરોધ સ્વરૂપે આ વર્ષે ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિતના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં અપૂરતા વરસાદને કારણે દેશમાં આ ખરીફ ઋતુમાં મગફળીના ઉત્પાદનમાં ૨૯% જેટલો ઘટાડો થવાની શક્યતા છે. સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન(SEA) એ સર્વોચ્ચ ઉદ્યોગ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ એક અભ્યાસમાં દર્શાવવામાં આવ્યુ છે કે વર્તમાન ખરીફ ઋતુમાં મગફળીનું ઉત્પાદન માત્ર 3.૭ મિલિયન ટન થયુ છે, જે ગયા વર્ષે આ ઋતુમાં ૫.3 મિલિયન ટન ઉત્પાદન હતુ. ભારતના કુલ મગફળી ઉત્પાદનમાં ખરીફ ઋતુ ૮૦ ટકા ફાળા આપે છે, જ્યારે બાકીનો ફાળો રવી ઋતુ આપે છે. ખરીફ મગફળીના ઉત્પાદનમાં તીવ્ર ઘટાડો એ ભારતની તેલીબિંયામા સૌથી મુખ્ય એવા મગફળીની ઉપલબ્ધતાને ઘટાડે છે. જેના પરિણામે પિલાણ અને તેલ, ખોરાક માટેની ઉપલબ્ધતાના પ્રમાણમાં ઘટાડો થયો છે. જેના લીધે ભારતની વનસ્પતિ તેલની આયાતમાં વધારો થશે, જેથી દેશની એકંદર માંગના ૬૫ ટકા માંગને પહોંચી વળશે. ગુજરાત અને કર્ણાટક સહિતના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં વરસાદની અછતને કારણે મગફળીના પાકને મોટું નુકશાન થયું છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના ઘણાં જિલ્લાઓમાં આ વર્ષે સરેરાશ વરસાદના ૭૦ ટકાથી પણ ઓછો વરસાદ થયો છે. જો કે મગફળીના ભાવો બિયારણ અને તેલના ભાવોના વૈશ્વિક જોડાણને કારણે ભાવો વધવાની શક્યતા નથી. જો કે કૃષિ મંત્રાલયે તેના પ્રથમ અગ્રીમ અંદાજમાં આગાહી કરી છે કે ભારતમાં આ ખરીફ ઋતુમાં મગફળીનું ઉત્પાદન ૬.33 મિલિયન ટન હશે કે, જે છેલ્લી ઋતુમાં ૭.૫૪ મિલિયન ટન હતુ. રાજસ્થાનમાં અનુકૂળ હવામાન સ્થિતિ અને હકારાત્મક પાકની પ્રગતિના કારણે મગફળીના ઉત્પાદનમાં સહેજ વધારો થયો છે. વર્તમાન ખરીફ ઋતુમાં રાજસ્થાનમાં મગફળીનું ઉત્પાદન ૮૨૦,૦૦૦ ટન રહેવાનું અનુમાન છે જે પાછલાં વર્ષની સરખામણીમાં ૮૦૦,૦૦૦ ટન હતુ. ભારત દર વર્ષે દક્ષિણ પૂર્વ એશિયા, યુરોપ અને ચીન સહિત વિવિધ દેશોમાં ૫૦૦,૦૦૦-૬૦૦,૦૦૦ ટન મગફળીની નિકાસ કરે છે. ભારતની દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના વરસાદની લાંબા ગાળાની સરેરાશ (LPA) ૯૨ ટકા હતી જે સામાન્ય માનવામાં આવે છે. પરંતુ કેટલાંક પ્રદેશોમાં વરસાદનું પ્રમાણ વધારે જ્યારે કેટલાંક પ્રદેશોમાં અસામાન્ય અને અનિશ્ચિત રહ્યુ હતુ.

## કેબિનેટ કમિટિએ ૨૦૧૮-૧૯ ની રવી ઋતુમાં ટેકાના ભાવમાં વધારો કર્યો......

સરકારે ઘઉંના ટેકાના ભાવ ૬ ટકા વધારો કરતાં તેની રૂ.૧૮૪૦ પ્રતિ ક્વિન્ટલની જાહેરાત કરી હતી. આ એક પગલાંથી ખેડૂતોને રૂ.૬૨,૬૩૫ કરોડની વધારાની આવક મળશે અને તેમને ઉંચા ઉત્પાદન ખર્ચની સામે ઉંચી કિંમત મળતા તેમના અસંતોષમાં ઘટાડો થશે. વડાપ્રધાન નરેન્દ્ર

| CROP | MSP 2017-18 (₹/ QUINTAL) | MSP 2018-19 (₹/ QUINTAL) | % INCREASE % |
|---|---|---|---|
| Wheat | 1735 | 1840 | 6.1 |
| Barley | 1410 | 1440 | 2.1 |
| Gram | 4400 | 4620 | 5 |
| Masur (Lentil) | 4250 | 4475 | 5.3 |
| Rapeseed & Mustard | 4000 | 4200 | 5 |
| Safflower | 4100 | 4945 | 20.6 |

મોદીની અધ્યક્ષતામાં મળેલ આર્થિક બાબતોની કેબિનેટ કમિટિ (CCEA)એ શિયાળુ વાવેતર એટલે કે રવી પાક માટે લઘુત્તમ ટેકાના ભાવોને (MSP) મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી ખેડૂતોને રૂ.૬૨,૬૩૫ કરોડની વધારાની આવક મળશે. ખરીફ ઋતુના પાક માટે ઉંચા ભાવોની ઘોષણા કર્યા બાદ ઘણાં મહિનાઓ પછી સરકારે ખેડૂતોને તેમના ઉત્પાદનના ખર્ચ કરતાં ૫૦ ટકા વધુ ભાવ આપવાનું વચન પૂરું કર્યુ છે. કેબિનેટ કમિટિ દ્વારા ૨૦૧૮-૧૯ ની ઋતુ માટે ઘઉંના ટેકાના ભાવમાં રૂ.૧૦૫ નો વધારો કરતાં રૂ.૧,૮૪૦ પ્રતિ ક્વિન્ટલ કર્યો છે. ૨૦૧૭-૧૮ ના પાક વર્ષમાં ઘઉંનો ટેકાનો ભાવ રૂ.૧,૭૩૫ પ્રતિ ક્વિન્ટલ હતો. તમામ રવી પાક માટેના ટેકાના ભાવ ઉત્પાદન ખર્ચના ૫૦ થી ૧૧૨ ટકા વધારે છે. આર્થિક બાબતોની કેબિનેટ કમિટિના નિર્ણય મુજબ, જવના ટેકાના ભાવમાં રૂ.30 પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૧,૪૪૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. જ્યારે ચણાના ટેકાના ભાવમાં રૂ.૨૨૦ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૪,૬૨૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. મસૂરના ટેકાના ભાવમાં રૂ.૨૨૫ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૪,૪૭૫ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. જ્યારે રાયડાના ટેકાના ભાવમાં રૂ.૨૦૦ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૪,૨૦૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. સેફ્લાવરના ટેકાના ભાવમાં રૂ.૮૪૫ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૪,૯૪૫ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. કૃષિ સલાહકાર સંસ્થા કૃષિ ખર્ચ અને મૂલ્ય આયોગ (CACP) ની ભલામણોને આધારે ટેકાના ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે અને તે ઉત્પાદન ખર્ચ ઉપર ખેડૂતોને ૫૦ ટકા નફો પૂરો પાડવાની સરકારની ઘોષણા મુજબ છે.

## ગુજરાતમાં બટાકા– બિયારણ માટે શ્રેષ્ઠતમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.......

ભારતીય અને ડચ કંપનીઓ વચ્ચે સહકાર દ્વારા બટાકા-બીજ માટે એક ઉત્કૃષ્ટ કેન્દ્રની સ્થાપના ગુજરાતમાં કરવામાં આવશે. ઉત્તમ બટાકા- બિયારણની ગુણવત્તા માટેના કેન્દ્રની સ્થાપના નેધરલેન્ડ્સ બિઝનેસ સપોર્ટ ઓફિસ (NBSO) ના સહયોગથી કરવામાં આવશે, જે સારી ગુણવત્તાના બટાકાના ઉત્પાદનમાં તેમજ બટાકાની પ્રતિ હેક્ટર ઉપજ વધારવામાં મદદરૂપ થશે. અમે નવીનતમ ટેકનોલોજીનો



ઉપયોગ કરીને અને ખેતીની પ્રક્રિયામાં નવીનીકરણ સાથે વધુ સારી ગુણવત્તાવાળા બટાકાનું બિયારણ ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખીએ છીએ. તેનાથી ગુજરાતના ખેડૂતો માટે માત્ર બટાકાના બિયારણની ગુણવત્તામાં જ સુધારો નહિ થાય, પરંતુ તેની ઉપજમાં પણ સુધારો થશે એવું નેધરલેન્ડસના ભારત ખાતેના રાજદૂત અલ ફ્રોન્સસ સ્ટોલિંગાએ ગુજરાત સીડ વેલી ફેડરેશન(GSVF) ના અમદાવાદ ખાતેના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યુ હતુ. સ્ટોલિંગાએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૬ માં મોહાલીમાં ભારતીય કંપની અને ડચ કંપની વચ્ચે સંયુક્ત સાહસ તરીકે આવી સુવિધા ઉભી કરવામાં આવી હતી. નેધરલેન્ડ્સ બિઝનેસ સપોર્ટ ઓફિસ (NBSO)ના સૂત્રો એ જણાવ્યુ હતુ કે શ્રેષ્ઠતા માટેના કેન્દ્ર માટેનું સ્થાન નક્કી કરવાનું હજુ બાકી છે. નેધરલેન્ડ્સ બિઝનેસ સપોર્ટ ઓફિસ (NBSO) એ ડચ કંપનીઓ સાથે ઉપલબ્ધ પુનઃપ્રાપ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુજરાતના કાપડ ઉદ્યોગના ક્ષેત્રમાં પણ અન્ય પ્રોજેક્ટસને સુવિધા પણ આપે છે. અધિકારીઓએ એ વાતને પુષ્ટિ આપી હતી કે, ઓક્ટોબર, ૨૦૧૮ સુધીમાં સહયોગથી પાયલોટ પ્રોજેક્ટ શરુ થશે. નેધરલેન્ડસમાં આવેલી કેટલીક કંપનીઓ જે ટેકનોલોજીમાં નિષ્ણાંત છે કે જે કાઢી નાંખેલા સુતરાઉ કાપડને પણ યાર્નમાં ફેરવવામાં મદદ કરશે. અમે ગુજરાત સ્થિત કંપની અને ડચ કંપની વચ્ચે સહયોગ દ્વારા પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરીશું એમ ગુજરાત સ્થિત નેધરલેન્ડસના વેપાર અને મુડીરોકાણ કમિશનર અમલન બોરાએ જણાવ્યુ હતુ.

## ગુજરાતમાં નબળા વરસાદને કારણે કપાસના પાકમાં નીચા ઉત્પાદનની શક્યતા....

ગુજરાતમાં ખેડૂતોને અત્યાર સુધીમાં અપૂરતા વરસાદને



કારણે કપાસના પાકમાં નીચું ઉત્પાદન અને નિષ્ફળતાની અપેક્ષા છે. આ વર્ષે કપાસનું વાવેતર ગયા વર્ષના જેટલું જ હતુ પરંતુ કપાસના નિર્ણાયક વિકાસ દરમિયાન કપાસનું વાવેતર ધરાવતા મોટાભાગના વિસ્તારો, મુખ્યત્વે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારો હજુ પણ સૂકા છે અને ત્યાં પૂરતી સિંચાઇની સુવિધાઓ નથી. ખેડૂતો અને કાપડ ઉદ્યોગના નિષ્ણાંતોના મંતવ્ય અનુસાર જો રાજ્યમાં સારો વરસાદ નહિ આવે તો કપાસના ઉભા પાક માટે નુકસાનકારક રહેશે. રાજ્યના કૃષિ વિભાગના છેલ્લાં આંકડા અનુસાર ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ, રાજ્યમાં ૨.૬૫ મિલિયન હેક્ટર કપાસનું વાવેતર કરવામાં આવ્યુ છે, જે પાછલાં વર્ષમાં ૨.૬૪ મિલિયન હેક્ટર વાવેતર હતુ. કપાસના પાકને તાત્કાલિક વરસાદની જરુરિયાત હોય છે. અત્યારનો સમય કપાસના પાક માટે વૃદ્ધિનો છે અને જો એક અઠવાડિયાની અંદર વરસાદ નહિ આવે તો કપાસના પાકને ખૂબ જ મોટું નુકશાન થઇ શકે છે. આ વર્ષે ખેડૂતોએ ચોમાસાના વિલંબને કારણે મોડી વાવણી શરુ કરી હતી. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક ભાગોમાં પૂરની સ્થિતિએ પહેલેથી જ કપાસના પાકને નુકશાન પહોંચાડ્યું છે. રાજકોટ જીલ્લાના નારંકા ગામના ખેડૂત અને કૃષિ નિષ્ણાંત રમેશ બોરણિયાએ જણાવ્યું હતુ કે આ વર્ષે ગુજરાતમાં પાકનો ઉતારો અપેક્ષા મુજબ નહિ રહે.

Book Post

To,

DOI : 01 01, 2019

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni. Press